## પ્રકરણ (૨)

### સાત્વિક ભાવો

નાટ્યશાસ્ત્રના સાતમાં અધ્યાયમાં ભરતમુનિએ સાત્વિક ભાવનું સ્વરુપ તથા વિભેદોનું નિરુપણ કર્યું છે.

#### સાત્વિક ભાવ : વિવિધ પરિભાષાઓ

'' સત્વ મનના આત્યંતિક સંબંધથી ઉત્પન્ન થાય છે. મનની એકાગ્રતાથી સત્વ વિગેરેની ઉત્પત્તિ થાય છે. તેનું જે રોમાંચ, અશ્રુ તથા વૈવર્ણ્ય વિગેરેથી યુકત જે સ્વરુપ છે તેનું અનુકરણ અન્યમનસ્ક ભાવથી યોગ્ય રીતે થઇ શકતું નથી. એટલે નાટકમાં લોકસ્વભાવ અનુસાર સત્વનો પ્રયોગ વિશેષરુપે અભીષ્ટ છે. નાટ્યપ્રયોગ સમયે નાટ્યધર્મમાં પ્રવૃત્ત સુખદુ:ખના ભાવો એવી રીતે સાત્વિક ભાવોથી ઉત્પન્ન થતાં બતાવવા જોઇએ કે તે યથાર્થ સ્વરુપવાળા પ્રતીત થવા લાગે. રોદનાત્મક ભાવ દુ:ખ કહેવાય છે. આ દુ:ખ ભાવને જે કયારેય દુ:ખી ન થયો હોય એવો પ્રયોકતા તથા પ્રહર્ષાત્મ સુખને દુ:ખી પ્રયોકતા કેવી રીતે અભિનીત કરી શકે ? આ સંદર્ભમાં એક 'સત્વ'જ છે કે જે-નટ દુ:ખી હોય કે સુખી - અશ્રુ તથા રોમાંચને અભિનય ધ્વારા રજુ કરે છે.''

- નાટ્યશાસ્ત્ર અધ્યાય -૭
(શ્લોક ૯૩ પછીનો ગદ્યખંડ)

''સત્વથી નિર્મિત દેહાધિષ્ઠિત ભાવજ સાત્વિક ભાવ કહેવાય છે.''

- નાટ્યશાસ્ત્ર અધ્યાય ૨૪/૭

''નાટ્ય રસમય હોય છે અને રસનું અંતરંગ છે - સાત્વિક. મનના સમાધાનને સત્વ કહે છે. (અભિનયની) પ્રક્રિયામાં ચિત્તવૃત્તિજ સંવેદનભૂમિ પર સંક્રાન્ત થતી દેહ પર પણ વ્યાપ્ત થઇ જાય છે અને આ ચિત્તવૃત્તિને જ સત્વ કહે છે. (મન: સમાધાન' એટલે માનસિક સ્થિરતા અથવા ભાવાવેશમાં લાંબો સમય લીન રહેવું તે - બાબુલાલ શુકલ શાસ્ત્રી)

- અભિનવભારતી ભાગ-૩ પૃ.૧૫૧

'' સાત્વિક ભાવ જો કે એક પ્રકારના અનુભાવજ છે પણ સત્વથી ઉત્પન્ન થવાને લીધે તેની ગણના અન્ય અનુભાવોથી પૃથક કરવામાં આવે છે.''

- દશરુપક ચતુર્થ પ્રકાશ શ્લોક-૪

'' બીજાના સુખ, દુ:ખ વિગેરે બાબતોમાં પોતાના અંત:કરણને તેને અત્યંત અનુકૂળ બનાવી લેવાનું નામ સત્વ છે. કોઇએ કહ્યું પણ છે - સત્વ વિશેષ પ્રકારનો મનોવિકાર છે જે એકાગ્રચિત્તથી ઉત્પન્ન થાય છે. સત્વને એવી રીતે સમજો શકાય કે જેમ જ્યારે કોઇ દુ:ખી થઇ જાય છે અથવા અત્યંત પ્રસન્ન થઇ જાય છે તો હઠપૂર્વક તેની આંખમાંથી આંસુ ટપકવા માંડે છે. એટલે સત્વથી ઉત્પન્ન થવાને લીધે તેને સાત્વિક કહેવામાં આવે છે. અશ્રુ પ્રભુતિ જે ભાગ છે તેની બે સ્થિતિઓ હોય છે. જો તે કોઇ આંતરિક ભાવની સૂચના આપનારા હોય તો અનુભાવ અન્યથા સાત્વિક ભાવ છે.''

- ધનિકની ઉપરોક્ત શ્લોક ઉપરની ટીકા

'' સત્વનો અર્થ છે એ ગુણ જેમાં પ્રકાશ હોય. આ ગુણથી યુક્ત રહેનારા ભાવને સાત્વિક ભાવ કહેવામાં આવે છે.

- નાટક લક્ષણરત્નકોષ - ૨૩૮

'' આત્મામાં વિશ્રાન્ત થનારા રસનો પ્રકાશક, અંત:કરણ વિશેષ ધર્મ 'સત્વ' કહેવાય છે. સત્વ ગુણથી ઉત્પન્ન થનાર વિકાર સાત્વિક કહેવાય છે. સાત્વિક જો કે રત્યાદિના કાર્ય હોવાને લીધે અનુભાવજ છે પણ કેવળ 'સત્વ'માંથી ઉત્પન્ન થવાને લીધે અન્ય અનુભાવોથી ભિન્ન છે.''

- સાહિત્યદર્પણ તૃતીય પરિચ્છેદ/૧૩૪

'' પ્રાણજ સત્વ છે, એમાંથી પેદા થતા ભાવ સાત્વિક છે, પ્રાણમાં જ્યારે પૃથ્વી તત્વ પ્રધાન બને છે ત્યારે સ્તંભ, જલતત્વ પ્રધાન બને ત્યારે અશ્રુ, તેજનો ભાગ પ્રધાન બને ત્યારે સ્વેદ અને એનો અભાવ થઇ જાય ત્યારે વૈવર્ણ્ય, આકાશનો ભાગ પ્રધાન બને ત્યારે પ્રલય અને વાયુ તત્વનું સ્વાતંત્ર્ય હોય ત્યારે મંદ, મધ્ય અને ઉત્કૃષ્ટ આવેશથી રોમાંચ, કંપ અને સ્વરભંગ થાય છે. શરીરના ધર્મ જે સ્તંભ વગેરે બાહ્ય અનુભાવ છે તે

આંતરિક સ્તંભ વિગેરેની વ્યંજના કરે છે.''

- કાવ્યાનુશાસન.

'' મન સત્વનો આશ્રય લઇ, બુધ્ધિને આશ્લિષ્ટ કરી પ્રત્યેક ઇંદ્રિયગોચર વિષયોનો સ્વાભાવત: અનુભવ કરે છે. સત્વ, બુધ્ધિ-જ્ઞાન તથા આનન્દ ભેદથી ત્રણ પ્રકારનું હોય છે. બીજા લોકોના દુ:ખ વિગેરેના સેવનથી ભાવકના ચિત્તનું પરગત દુ:ખાદિ ભાવથી ભાવિત થવું 'સત્વ' કહેવાય છે. અર્થાત બીજા લોકોના સુખદુ:ખ વિગેરેના અનુભાવથી જ્યારે સામાજિકનું અન્ત:કરણ એજ ભાવમાં ભાવિત થઇ જાય તથા અનુકુળ અને એકતાન થઇ જાય તેને સત્વ કહે છે. મનનું સત્વ એજ છે કે જ્યારે તે દુ:ખી અથવા હર્ષિત થાય છે તો અશ્રુ, રોમાંચ વિગેરે દર્શાવે છે. આ અશ્રુ-રોમાંચ વિગેરે સત્વથી નિવૃત્ત થાય છે. એટલે સાત્વિક ભાવ કહેવાય છે. જો કે સાત્વિક ભાવોમાં સામાન્યપણે અનુભાવત્વ છે પણ સત્વથી ઉત્પન્ન થવાને કારણે આ સાત્વિક ભાવોના પૃથકપણે લક્ષણ આપવામાં આવે છે.''

''જેનાથી સર્વ ભાવોની સ્વસત્તા વિભાવિત થાય છે તે ભાવ સત્વથી ઉત્પન્ન થવાને કારણે સાત્વિક કહેવાય છે.''

- ભાવપ્રકાશન અધિકાર.

'' સર્વેऽપિ સત્વમૂલત્વાદ્ ભાવા યદ્યપિ સાત્વિકા: ।
તથાપ્યમીષાં સત્વૈકમૂલત્વાદ્ સત્વિકાપ્રથા ॥ ''

- રસાર્ણવસુધાકર ૧/૩૧૦

ઉપરોકત વિવિધ પરિભાષાઓના સુક્ષ્મ અભ્યાસથી નીચેના પ્રશ્નો ઉભા થાય છે.

(૧) જો 'ભાવ' શબ્દનો અર્થ મનોભાવ અથવા ભાવનામાત્ર હોય તો 'મન:પ્રભવ' પણ 'દેહાત્મકમ્' એવા આ સાત્વિક ભાવો કે જે વિભિન્ન શારીરિક અવસ્થાઓજ છે તેનો સમાવેશ 'ભાવ' અંતર્ગત કેવી રીતે કરી શકાય ? ''

(૨) નાટ્યના ૪૯ ભાવોમાં સામાન્યપણે શારીરિક, માનસિક, બૌધ્ધિક વિગેરે સર્વ પ્રકારના ભાવોનો સમાવેશ થતો હોયતો પછી સાત્વિક ભાવોનું પૃથક્પણે વિવેચન શા માટે ?

(૩) સાત્વિક ભાવનું અત્યંત મહત્વ હોય તો પછી ભરતમુનિએ રસસૂત્રમાં તેનો વિશેષરૂપે ઉલ્લેખ કેમ નથી કર્યો ?

(૪) સાત્વિક ભાવો જો મનોભાવ નથી અને શારીરિક અવસ્થા માત્ર છે તો 'અનુભાવ' અને 'સાત્વિક ભાવ' વચ્ચે તાત્વિક અંતર શું ?

આ બધા પ્રશ્નોના, ઉકેલ માટે પહેલાં ભારતીય દાર્શનિકો તેમજ પાશ્ચાત્ય માનસશાસ્ત્રજ્ઞોના સાત્વિક ભાવ સંબંધી વિચારો જાણી લેવાથી ભરતમુનિના મૂળભૂત વિચારો અધિક સ્પષ્ટ થઇ શકશે.

ભારતીય શૈવાદ્વૈતદર્શનના મર્મજ્ઞ આચાર્ય અભિનવગુપ્તે સત્વને ચિત્તવૃત્તિનો પર્યાય કહયો છે કારણ કે તેમની દૃષ્ટિએ 'રસ' તથા તત્સંબંધી તમામ અવયવો પરમાર્થત: ચિત્તવૃત્તિરૂપ જ છે. એટલે સાત્વિક ભાવો પણ માત્ર ચિત્તવૃત્તિરૂપ છે. ચિત્તવૃત્તિ જ સંવેદનભૂમિ પર સંક્રાન્ત થતી થતી દેહ ઉપર પણ વ્યાપ્ત થઇ જાય છે અને આ ચિત્તવૃત્તિ જ સત્વ કહેવાય છે એમ અભિનવગુપ્તનો સ્પષ્ટ અભિપ્રાય છે.

પાશ્ચાત્ય માનસશાસ્ત્રનો આશ્રય લઇ વિવેચના કરનારા આચાર્યો ભાવને એકાંતત: મનોભાવ અથવા માનસિક ભાવના માને છે અને તેથી સાત્વિક સાથે ભાવ શબ્દનો સંયોગ તેમને અનુપયુક્ત લાગે છે. તેમની માન્યતા પ્રમાણે સાત્વિક ભાવોને 'ભાવ' માનવા તે મૂલત: અસંગત છે, તેને તો એક પ્રકારના અનુભાવ માત્ર જ સમજવા જોઇએ. (ડો. રાકેશ ગુપ્ત: સાઇકોલોજિકલ સ્ટડીઝ ઇન રસ પૃ.૧૫૬-૧૫૭)

વસ્તુત: નાટ્યના પારિભાષિક શબ્દોની વ્યાખ્યા નાટ્યના સંદર્ભમાં ન કરતાં, નાટ્યેતર માપદંડો વડે કરવામાં આવી અને તેથીજ આ બધી વિસંગતિઓ ઉદ્ભવવા માંડી છે. ભરતમુનિની સમગ્ર વિચારણા-પછી તે કાવ્યબંધમાં રચના પ્રક્રિયા હોય કે રસ - નાટ્યપ્રયોગના સંદર્ભમાં જ થઇ છે એ ભૂલવું ન જોઇએ.

<u>ભરતમુનિની દૃષ્ટિએ સાત્વિક ભાવનું સ્વરૂપ</u>

ભરતમુનિની દૃષ્ટિએ સાત્વિક ભાવનું તાત્વિક સ્વરુપ નિરુપતાં પહેલાં

ભરતમુનિએ નિરુપેલા વિવિધ સાત્વિક ભાવો તથા તેમના વિભાવો અને અનુભાવો જાણી લેવા અતિ આવશ્યક છે.

ભરતમુનિએ આઠ પ્રકારના સાત્વિક ભાવો ગણાવ્યા છે. (૧) સ્તમ્ભ (૨) સ્વેદ (૩) રોમાંચ (૪) સ્વરભંગ (૫) વેપથુ (૬) વૈવર્ણ્ય (૭) અશ્રુ તથા (૮) પ્રલય.

( અધ્યાય-૭ શ્લોક ૯૪)

ધનંજયે પણ સાત્વિક ભાવોના આઠ પ્રભેદ વર્ણવ્યા છે જે ભરતાનુસારી છે. માત્ર 'સ્વરભંગ'ની જગ્યાએ તેના પર્યાયરુપ 'વૈસ્વર્ય' શબ્દ પ્રયોજ્યો છે. (દશરુપક ૪/૫-૬) સાગરનન્દીએ પણ આઠ પ્રકારના સાત્વિક ભાવ નિરુપ્યા છે જે નિતાન્ત ભરતાનુસારી છે. (નાટકલક્ષણરત્નકોષ-૨૩૮) નાટ્યદર્પણકારે પણ આઠ પ્રકારના સાત્વિક ભાવ વર્ણવ્યા છે પણ તેને સાત્વિક ભાવ ન કહેતાં અનુભાવના આઠ પ્રકાર માન્યા છે. ભરતમુનિએ જેને સાત્વિક ભાવ કહયા છે તેને નાટ્યદર્પણકારે અનુભાવ કહયા છે. નાટ્યદર્પણમાં ક્યાંય સાત્વિક ભાવ સંજ્ઞા પ્રયોજાઇ નથી. (નાટ્યદર્પણ સૂત્ર ૨૧૭) શારદાતનયે પણ સાત્વિક ભાવના આઠ ભેદ માન્યા છે અને તેને વિશેષત: કાવ્યના અનુબન્ધ તથા રસના પોષક કહયા છે. (ભાવપ્રકાશન -૧/૧૦૦-૧૦૮) નંદિકેશ્વરે પણ આઠ પ્રકારના સાત્વિક ભાવ વર્ણવ્યા છે જે ભરતાનુસારી છે. નંદિકેશ્વરે માત્ર નામજ ગણાવ્યા છે, પ્રત્યેક સાત્વિક ભાવનાં લક્ષણ નિરુપ્યા નથી. (અભિનયદર્પણ-શ્લોક ૪૧) વિશ્વનાથે પણ સાત્વિક ભાવના આઠ ભેદ ગણાવ્યા છે જે ભરતાનુસારી છે. (સાહિત્યદર્પણ- ૩/૧૩૫)

ભરતમુનિએ પ્રત્યેક સાત્વિક ભાવના વિભાવ અને અનુભાવ નિરુપ્યા છે. અન્ય ગ્રંથોમાં પણ તે મળી આવે છે. પ્રત્યેક સાત્વિક ભાવનું સ્વરુપ તથા તેના વિભાવો અને અનુભાવો નાટ્યશાસ્ત્ર તેમજ અન્ય ગ્રંથોના આધારે આ પ્રમાણે નિરુપી શકાય. (સાત્વિક ભાવોની ઉત્પત્તિના કારણો વિભાવરુપે તથા તેનો અભિનય રંગમંચ ઉપર કેવી રીતે કરવો તે અનુભાવરુપે નિરુપવામાં આવ્યા છે.)

## સાત્વિક ભાવના વિભાવ અને અનુભાવ

અધ્યાય-૭ / શ્લોક ૯૪ થી ૧૦૭

| સાત્વિક ભાવ | વિભાવ | અનુભાવ |
|---|---|---|
| **(૧) સ્વેદ :** | | |
| શરીરમાંથી પરસેવો નીકળવો તેને સ્વેદ કહે છે. (સાગરનન્દી) રોમજલના સ્ત્રાવને સ્વેદ કહે છે. (નાટ્યદર્પણ) શરીરમાંથી નીકળતાં પાણીને સ્વેદ કહે છે. (સાહિત્યદર્પણ) | ક્રોધ, ભય, હર્ષ, લજ્જા, દુ:ખ શ્રમ, રોગ, તાપ, ચોટ, વ્યાયામ ક્લેશ, ઘામ (ઉનાળો) તથા અંગો ચોળવા-મસળવા (ભરતમુનિ) લજ્જા, અધિક પરિશ્રમ, ક્રોધ તથા ભીડ (સાગરનન્દી) ભય, હર્ષ, લજ્જા, રોગ, તાપ, ગ્રહ, દુ:ખ, ઘર્મ, વ્યાયામ તથા શ્રમ (નાટ્યદર્પણ) સંપીડન, ક્રોધ શ્રમ, વ્યાયામ, ભય, ગર્મી, હર્ષ, જ્વર, ગ્લાનિ, સુખ, લજ્જા, (ભાવપ્રકાશન) સુરત, આતપ, પરિશ્રમ (સાહિત્યદર્પણ) | પવન ખાવાની ઇચ્છાથી વીંજણો હાથમાં લઇ પરસેવો દુર કરવાની ક્રિયા દ્વારા અભિનય (ભરતમુનિ) પંખો હાથમાં લઇ વીંજવો, કપાળ લુંછવું, શીતવાત સેવનની ઇચ્છા પ્રગટ કરવી (સાગરનન્દી) પંખો હાથમાં લેવો, પસીનો લુછવો, હવાની ઇચ્છા કરવી (નાટ્યદર્પણ) પરસેવો લુછવો, પંખો હલાવવો, વાયુની અભિલાષા (ભાવપ્રકાશન) |
| **(૨) સ્તંભ** | | |
| કર્મેન્દ્રિયોનો સમગ્ર વ્યાપાર અચાનક અટકી જવો તેને સ્તંભ કહે છે. (ધનંજય) યત્ન કરવા છતાં અંગોની ક્રિયા ન થવી તે સ્તંભ (નાટ્યદર્પણ) હસ્ત, પાદ, વિગેરે અંગોની | હર્ષ, શોક, ભય, વિસ્મય, વિષાદ રોષ (ભરતમુનિ) હર્ષ, રોગ, મદ, ત્રાસ, રોષ, તથા શોક (સાગરનન્દિ) હર્ષ, વિસ્મય મદ, ભય, તથા રોગ (નાટ્યદર્પણ) મદ, રોગ, ક્રોધ, ભય, વિસ્મય, ગર્વ તથા હર્ષ વિષાદ વિગેરેને લીધે | સંજ્ઞાહીન, ચેષ્ટાહીન, ગતિહીન, જડાકૃતિ, શૂન્ય, સ્તબ્ધ તથા સંજ્ઞાહીન અંગો (ભરતમુનિ) સ્તબ્ધ અને નિશ્ચેષ્ટ ગાત્ર તથા શૂન્ય-સુનમુન થઇ જવુ, (સાગરનન્દી) 'હાય' વિગેરે શબ્દો વડે વિષાદ પ્રગટ કરવો (નાટ્યદર્પણ) સચેતન પણ નિષ્ક્રિય, જડ-આકૃતિ, શૂન્ય તથા |

| | | |
|---|---|---|
| ચેષ્ટા અટકી જવી તે સ્તંભ (સાહિત્યદર્પણ) | નીચ તથા મધ્યમ પ્રકૃતિના પાત્રોમાં (ભાવપ્રકાશન) ભય, હર્ષ, રોગ, વિગેરે. (સાહિત્યદર્પણ) | સ્તબ્ધ ગાત્રો. (ભાવપ્રકાશન) |

(૩) <u>વેપથુ (કમ્પ):</u>

| | | |
|---|---|---|
| શરીર કિંચિત વિચલિત થઇ જવું તેને વેપથુ કહે છે. (નાટ્યદર્પણ) શરીરમાં ઉત્પન્ન થતાં કમ્પને વેપથુ કહે છે. (સાહિત્યદર્પણ) | શીત, ભય, હર્ષ, ક્રોધ, સ્પર્શ વૃધ્ધાવસ્થા તથા રોગ (ભરતમુનિ) ક્રોધ, ત્રાસ, વૃધ્ધાવસ્થા, પ્રિયનો પ્રથમ સ્પર્શ, અથવા મિલન (સાગરનન્દી) ભય, રોગ, હર્ષ, શીત, ક્રોધ, પ્રિયસ્પર્શ (નાટ્યદર્પણ) રોગ, ભય, સ્પર્શ, હર્ષ, રોષ, તથા વૃધ્ધાવસ્થા (ભાવપ્રકાશન) રાગ, દ્વેષ તથા શ્રમ (સાહિત્યદર્પણ) | અંગો ધ્રુજવા, ફરકવા તથા કાંપવા (ભરતમુનિ) શરીરના અંગો ધ્રુજવા (સાગરનન્દી) વાણી, ગતિ તથા ચેષ્ટામાં વિકાર (નાટ્યદર્પણ) કાંપવું, સ્ફુરિત થવું, થરથરવું (ભાવપ્રકાશન) |

(૪) <u>અશ્રુ :</u>

| | | |
|---|---|---|
| નયનજલને અશ્રુ કહે છે. (નાટ્યદર્પણ) ભાવપ્રકાશનકારે અશ્રુને 'બાષ્પ' કહયું છે. નેત્રજલ એટલે અશ્રુ. (સાહિત્યદર્પણ) | આનંદ, અમર્ષ (ક્રોધ), ધુમાડો, અંજન, બગાસું, ભય, શોક, અનિમેષ જોવું, શીત તથા રોગ (ભરતમુનિ) ધુમાડો, અંજન, અમર્ષ, અનિમેષ દર્શન, શોક (સાગરનન્દી) શોક, એકીટશે જોવું, આનંદ, ક્રોધ, ધુમ્ર, અંજન, બગાસું, ભય, પીડા હાસ્ય (નાટ્યદર્પણ) બગાસું, | આંખમાં આંસું, આંખો લુછવાની ક્રિયા, વારંવાર આંસુ સારવા (ભરતમુનિ) આંખો લુછવી (સાગરનન્દી) નાકનું સ્પન્દન અર્થાત નાકમાંથી શ્લેષ્મા પ્રવાહિત થવું, નયની ફરકવી, થુંકવું, ગદ્ગદ્ સ્વર, (નાટ્યદર્પણ) વારંવાર આંસુ સારવા, આંખો લુછવી (ભાવપ્રકાશન) |

| | | |
|---|---|---|
| | ભય, ક્રોધ, શીત, નિર્નિમેષ, જોવું, રોગ, શોક, ધૂમ, અંજન, વિજૃમ્ભણ, (ભાવપ્રકાશન) વિષાદ, મદ, ક્રોધ (સાહિત્યદર્પણ) | |

(૫) <u>વૈવર્ણ્ય:</u>

| | | |
|---|---|---|
| મુખની કાન્તિમાં ઉત્પન્ન થતો વિકાર તે વૈવર્ણ્ય (નાટ્યદર્પણ) વૈવર્ણ્ય એટલે વર્ણવિકાર. (સાહિત્યદર્પણ) | શીત, ક્રોધ, ભય, થાક, રોગ, કલેશ, તથા તાપ(ભરતમુનિ) શીત, સંતાપ, ભય, ક્રોધ, તથા શોક (સાગરનન્દી) અપમાન, સંતાપ, ભય, ક્રોધ, રોગ, શીત, થાક, તાપ(નાટ્યદર્પણ) ગરમી, ક્રોધ વ્યાધિ, શીત, ભય, તથા થાક (ભાવપ્રકાશન) વિષાદ, મદ, ક્રોધ (સાહિત્યદર્પણ) | નાડીપીડન દ્વારા મુખવર્ણ પરિવર્તન, આ અભિનય દુષ્કર અને પ્રયત્ન સિધ્ધ છે. (ભરતમુનિ) મુખનો રંગ ઉડી જવો (સાગરનન્દી) આમતેમ જોવું, નખ ચાવવા, લજ્જા-અનુભવવી (નાટ્યદર્પણ) શરીર કૃશ થવું, શરીર ફીકું પડી જવું. (ભાવપ્રકાશન) |

(૬) <u>રોમાંચ :</u>

| | | |
|---|---|---|
| રોમહર્ષ એટલે રોમાંચ (નાટ્યદર્પણ) રુંવાડા ઉભા થઇ જવા તેનું નામ રોમાંચ. (સાહિત્યદર્પણ) | સ્પર્શ, ભય, શીત, હર્ષ, ક્રોધ તથા રોગ (ભરતમુનિ) પ્રિયજનનો સ્પર્શ, પ્રસન્નતા શીત, ભય (સાગરનન્દી) પ્રિયદર્શન, વ્યાધિ, શીત, ક્રોધ, સ્પર્શ(નાટ્યદર્પણ), ક્રોધ, રોગ, ભય, હર્ષ, શીત (ભાવપ્રકાશન) હર્ષ, આશ્ચર્ય, તથા ભય (સાહિત્યદર્પણ) | રુંવાડા ઉભા થઇ જવા, પલકારા મારવા, ગાત્રસ્પર્શ કરવો(ભરતમુનિ) શરીર ઉપર રુંવાડા ઉભા થઇ જવા (સાગરનન્દી) અંગમાર્જન, અંગો ફુલી જવાં, આંખો ખિલવી, દન્તવીણા વગાડવી (નાટ્યદર્પણ) વારંવાર શરીરને સ્પર્શ કરવો, પુલકિત થવું. (ભાવપ્રકાશન) |

(૭) <u>સ્વરભંગ/સ્વરભંદ</u>

| | | |
|---|---|---|
| શબ્દભિન્નતા એટલે સ્વરભેદ (નાટ્યદર્પણ) સ્વરનો તીવ્ર અથવા મંદ એવો ભેદ (નાટ્યદર્પણ-ટીકા) ગળું ભરાઈ આવવું, ગદ્‌ગદિત થવું તે સ્વરભંગ (સાહિત્યદર્પણ) | ભય, હર્ષ, ક્રોધ, વૃધ્ધાવસ્થા, ગળું-સુકાવું, રોગ તથા મદ (ભરતમુનિ) ભય, ક્રોધ, મદ હર્ષ, શોક (સાગરનન્દી) મદ, ભય, વૃધ્ધાવસ્થા, હર્ષ, ક્રોધ, રોગ, રુક્ષતા (નાટ્યદર્પણ) રોગ, મદ, ક્રોધ, હર્ષ, ભય, તથા જ્વર (ભાવપ્રકાશન) નશો, હર્ષ તથા પીડા. (સાહિત્યદર્પણ) | ભિન્ન તથા ગદ્‌ગદિત સ્વર (ભરતમુનિ) ગદ્‌ગદિત વાણીમાં સંભાષણ (સાગરનન્દી) હર્ષ તથા હાસ્ય (નાટ્યદર્પણ) સ્વરોના સ્થાન ભ્રષ્ટ થવા, વારંવાર સ્વરોને સ્ખલિત કરવા, સ્વરો ગદ્‌ગદ્ થવા, ગદ્‌ગદિત થવું. (ભાવપ્રકાશન) |

(૮) <u>પ્રલય :</u>

| | | |
|---|---|---|
| મૂર્છાને પ્રલય કહે છે. (ધનંજય) પ્રલય એટલે મૂર્છા-ઇન્દ્રિયોની અસમર્થતા (નાટ્યદર્પણ) ચેષ્ટા તથા જ્ઞાનનું નષ્ટ થવું તે પ્રલય (સાહિત્યદર્પણ) | શ્રમ, મૂર્છા, મદ, નિંદ્રા, પ્રહાર તથા મોહ (ભરતમુનિ) ચોટ, પ્રહાર વિગેરે (સાગરનન્દી) પ્રહાર, કોપ, મદ, (નાટ્યદર્પણ), મદ, નિદ્રા, રોગ, પ્રહાર (ભાવપ્રકાશન) સુખ અથવા દુ:ખ (સાહિત્યદર્પણ) | ચેષ્ટાહીન, નિષ્કમ્પ, શ્વાસ રોકવો, જમીન ઉપર પડવું (ભરતમુનિ) ચૈતન્યરહિત થવું. (ધનંજય) જમીન ઉપર પડવું. (સાગરનન્દી) ઉપર પડવું (સાગરનન્દી.) જમીન પર પડવું સ્વેદ, શ્વાસ, (નાટ્યદર્પણ) દુ:ખ તથા નિશ્ચેષ્ટતા (ભાવપ્રકાશન) |

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

સાત્વિક ભાવોનું જે સ્વરુપ ભરતમુનિએ તથા અન્ય આચાર્યોએ નિરુપ્યું છે તેનો અભ્યાસ કરતાં જણાય છે કે સ્તંભ એ શરીરના અંગોની નિષ્ક્રિય અવસ્થા છે, ચેષ્ટાનો પ્રતિઘાત છે, જે ભય, હર્ષ વિગેરેથી ઉદ્‌ભવે છે. સ્તંભમાં શરીર જડવત બની જાય છે કારણ કે ગમે તે પ્રકારની ચેષ્ટા તે સ્થિતિમાં નાશ પામે છે. સ્વેદ એવી અવસ્થા છે જેમાં શરીરને પરસેવો વળે છે, શરીરમાંથી બફારાનું પાણી 'બાષ્પ' બહાર નીકળે છે અને તે રતિ, ભય, થાક વિગેરે કારણોથી થાય છે. રોમાંચ એ શરીરની એવી અવસ્થા છે જેમાં હર્ષ, વિસ્મય, ભય, કામ વિગેરેથી

શરીરના રુંવાં ઉભા થાય છે સ્વરભેદમાં શરીરનાજ એક અંગ સ્વરમાં મંદ, પોડા, ત્રાસ વિગેરે કારણથી વિકાર ઉદ્ભવે છે અને વાણી ગદ્ગદિત બને છે. વેપથુ એ રાગ, દ્વેષ, શ્રમ, રોષ, વિગેરે કારણે થતો ગાત્રકર્મ છે તેમાં શરીર ધ્રુજે છે. વૈવર્ણ્યમાં વિષાદ, મદ, રોષ, ભય વિગેરેથી મુખનો રંગ બદલાય છે, મુખનાં વાનમાં ફેરફાર થાય છે. (ફિક્કાશ અથવા લાલાશ). અશ્રુ, ક્રોધ, દુઃખ, અતિશય હર્ષ, આદિથી આંખમાંથી જે પાણી નીકળે છે તેને કહે છે. પ્રલય એ સંજ્ઞાનો નાશ, સુખદુઃખાદિથી થતી ચેષ્ટારહિત અને પ્રતિબોધ (જ્ઞાન) વિનાની દશા અર્થાત્ શરીરની મુર્છાવસ્થા છે. શ્રી જ્યોતિન્દ્ર દવે જણાવે છે તેમ ''ખરી રીતે જોતાં આ આઠમાંનો એક પણ ભાવ નથી પણ ભાવને કારણે ઉત્પન્ન થતી શારીરિક વિક્રિયા છે. physical menifestation of mental state છે. અર્થાત એક પ્રકારના અનુભાવ છે. (વાઙ્મય ચિંતન - (રસ સામગ્રી) પૃ.૪૬)'' સાત્વિક ભાવો અંગની, સ્વરની, વર્ણની વિક્રિયા છે મનોવૃત્તિ નથી.'' શ્રી રામપ્રસાદ બક્ષી (મનીષા નાટ્યરસ એક પૃ.૬૯)

લગભગ તમામ વિવેચકો સાત્વિક ભાવને ભાવ નહીં પણ ભાવજન્ય અંગાદિ વિક્રિયા માને છે. જે આચાર્યો 'ભાવ'નો અર્થ ચિત્તવૃત્તિ કરે છે, મનોવૃત્તિ કરે છે (જેમ કે આચાર્ય અભિનવગુપ્ત અને તેને અનુસરી અન્ય પ્રાચીન તેમજ આધુનિક કાવ્યશાસ્ત્રીઓ) તેઓ સાત્વિક ભાવને 'ભાવ' કહેવા રાજી નથી. જ્યોતિન્દ્ર દવે કહે છે, 'એ આઠને બીજા અનુભાવોથી જુદા દર્શાવવા હતા તો તેમને 'સાત્વિક અનુભાવ' કહેવા હતા પણ એને ભાવ તરીકે શા માટે ગણાવ્યા છે ?'' (વાઙ્મયચિંતન-પૃ.૪૭) શ્રી રામપ્રસાદ બક્ષી પણ કહે છે, 'સાત્વિક ભાવો અંગની, સ્વરની, વર્ણની વિક્રિયા છે, મનોવૃત્તિ નથી, તો પછી એને 'સાત્વિક અનુભાવો' કે 'સાત્વિક વિકારો' કહેવાને બદલે 'ભાવ' શા માટે કહ્યા છે ?'' (મનીષા નાટ્યરસ અંક) નાટ્યદર્પણમાં સાત્વિક ભાવોને 'અનુભાવ' તરીકેજ ઓળખાવવામાં આવ્યા છે એ આ સંદર્ભમાં નોંધવું ઘટે. વસ્તુતઃ આ વિસંવાદિતા, અસંગતિ ભાવનો અર્થ માત્ર ચિત્તવૃત્તિ કે મનોવૃત્તિ કરવાથી ઉભી થઇ છે. ખરું જોતાં ભરતમુનિએ ભાવનો અર્થ 'અમૂર્ત ચિત્તવૃત્તિ' કર્યો નથી, એવો અર્થ તો અભિનવગુપ્તે આપ્યો છે અને શ્રી રામપ્રસાદ બક્ષી તથા શ્રી જ્યોતિન્દ્ર દવેએ અભિનવગુપ્તની વિચારણાનું અનુસરણ કર્યું છે. ભરતમુનિએ

નાટ્ય-ભાવોના સ્વરુપની વિચારણા મુખ્યત્વે રંગમંચગત' નાટ્ય પ્રયોગ'ના આધારે કરી છે. સ્વેદ, સ્તમ્ભ, કમ્પ, રોમાંચ, વિગેરે આઠ સાત્વિક ભાવ, પાત્રો દ્વારા થતા શારીરિક અભિનયમાં મૂર્તિત થાય છે. આ આઠ સાત્વિક ભાવોમાં મૂર્તિત શારીરિક સ્થિતિઓ અથવા પ્રતિક્રિયાઓને પણ તેમણે 'ભાવ' શબ્દ દ્વારા અભિહિત કરી છે જે સ્પષ્ટપણે પુરવાર કરી આપે છે કે ભરતમુનિની દૃષ્ટિએ, રંગમંચીય પ્રયોગના સંદર્ભમાં 'ભાવ' સંજ્ઞાનો અર્થ, અમૂર્ત મનોભાવના કે ચિત્તવૃત્તિ' કદાપિ ના થઇ શકે. રંગમંચ ઉપર જે રીતે રતિ, શોક, ઉત્સાહ, વિગેરે ભાવો નાટ્યપરંપરા પ્રદત્ત, 'સ્થાયિત્વ' અથવા પ્રયોગગત્ સ્થાયિત્વને લીધે સ્થાયી ભાવ કહેવાય છે, જેમ નિર્વેદ, ગ્લાનિ, નિદ્રા વિગેરે વ્યાભિચારી ભાવ રસાનુરુપ સંચરણશીલતા અથવા પ્રયોગગત ગતિશીલતાને કારણે વ્યભિચારી ભાવ કહેવાય છે તે પ્રમાણે સ્તમ્ભ, કમ્પ, રોમાંચ, વિગેરે ભાવ પણ નાટ્ય પ્રયોગગત્ સાત્વિકતાને લીધે સાત્વિક ભાવ કહેવાય છે. ( આ અંગે 'વિગતવાર છણાવટ પ્રસ્તુત શોધપ્રબન્ધના 'અભિનય અને નાટ્યભાવો' અધ્યાય અંતર્ગત કરવામાં આવી છે). ભરતમુનિએ અત્યંત 'વૈજ્ઞાનિક રુપે' આ સાત્વિકતા એટલે શું ' તેનો ખુલાસો કર્યો છે. આ સંદર્ભમાં તેમણે નાટકના પાત્રોની મન:સ્થિતિને, તેમની સ્થૂળ શારીરિક પ્રતિક્રિયાઓને નાટ્યપ્રયોગથી અભિન્ન માની 'સત્વ'ની આ પ્રમાણે વ્યાખ્યા આપી છે- '' સત્વનો અર્થ છે, મનથી ઉત્પન્ન' (સત્વં મન:પ્રભવમ્) અને ' મનથી ઉત્પન્નનો' અર્થ છે મનની સમાહિતી' અર્થાત તલ્લીનતા (સમાહિત મન) મનની તલ્લીનતા (સમાધિ) માંથી 'સત્વ'ની નિષ્પત્તિ થાય છે. તેનો નાટ્યભાવોમાં રુપાંતરિત જે રોમાંચ, અશ્રુ, વૈવર્ણ્ય વિગેરે લક્ષણવાળો સ્વભાવ છે તે મનની એકાગ્રતા વિના રંગમંચ ઉપર નિર્મિત થઇ શકતો નથી. નાટ્ય તો લોકસ્વભાવના અનુકરણ ઉપર આધારિત છે એટલે તેમાં સત્વ અતિ આવશ્યક છે.'' તે પછી ભરતમુનિએ, એક અત્યંત વ્યાવહારિક દૃષ્ટાંત આપી રંગમંચ ઉપર સાત્વિક ભાવોના નિર્માણની પ્રાયોગિક પદ્ધતિ આ પ્રમાણે નિરુપી છે.'' રંગમંચ ઉપર નાટ્યધર્મનું અનુસરણ કરી સુખદુ:ખ વડે જે ભાવ નિર્મિત કરવામાં આવે છે તેનો અત્યધિક સાત્વિક રુપે અભિનય કરવો જોઇએ જેનાથી તે પૂર્ણપણે સ્વાભાવિક અર્થાત 'સ્વરુપ' પ્રતીત થાય. દુ:ખ રોદનાત્મક

હોય છે. પ્રથમ મનમાં દુ:ખ લાવ્યા વિના તેનો અભિનય કેવી રીતે થઇ શકે અને સુખ પ્રહર્ષાત્મક છે એટલે મનમાં દુ:ખી રહી તેનો અભિનય પણ કેવી રીતે થઇ શકે. એટલે સાત્વિક ભાવોના અભિનયની સાત્વિકતા એ વાત ઉપર નિર્ભર રહે છે કે નટ દ્વારા મનથી દુ:ખી થઇ, અશ્રુનો અને મનથી સુખી થઇ રોમાંચનો અભિનય કરવામાં આવે. આજ કારણસર તેને સાત્વિક ભાવો કહેવામાં આવ્યા છે.''

(અધ્યાય - ૭ શ્લોક ૯૩ પછીનો ગદ્યખંડ)

અહીં ભરતમુનિએ નટે મનથી દુ:ખી થઇ અશ્રુનો તથા મનથી સુખથી થઇ રોમાંચનો અભિનવ કરવો જોઇએ એવું જે કથન કર્યું છે તેનાથી સાત્વિક ભાવોને 'અમૂર્ત મનોભાવ સ્વરુપ' માનવાની ભ્રમણા થાય પણ વસ્તુસ્થિતિ તદ્દન ભિન્ન છે. કારણ કે ભરતમુનિએ નટને, મનથી-મન થકે સુખદુ:ખનો અનુભવ કરી અશ્રુ, રોમાંચ, વિગેરે સાત્વિકોનો અભિનય કરવાની સલાહ આપી છે, મનમાં સુખદુ:ખનો પ્રત્યક્ષ અનુભવ કરવાની નહિ. ભાવની પ્રત્યક્ષ અનુભૂતિ અને તેનો અભિનય એ બેમાં ઘણો તફાવત છે. જે નટ સુખદુ:ખને સાક્ષાત અને આત્યંતિક અનુભવ કરવા માંડે છે તેના માટે અભિનય કાર્ય કરવું અસંભવિત બની જાય છે કારણ કે આવા સમયે ભાવોનો વાસ્તવિક અનુભવ તેને નિષ્ક્રિય બનાવી દે છે. નટ પોતાના વ્યકિત્વને અશેષ રીતે પાત્રના વ્યકિતત્વમાં વિલીન કરી પોતાની જાતને વીસરી જાય તે શકય પણ નથી અને ઇષ્ટ પણ નથી. શ્રી જ્યોતિન્દ્ર દવે જણાવે છે તેમ '') પાત્ર સાથે જે એકય નટે સાધવાનું છે તે ભાવૈકય છે. ભાવના વિષયમાં પાત્ર સાથે એણે તદ્દરુપ નહીં પણ તત્સમ થવાનું છે, તેજ નથી બનવાનું. પણ તેના જેવા બનવાનું છે.'' (વાઙ્મય ચિંતન-પૃ.૧૨૪) નટ જો પાત્ર સાથે તદ્દરુપ થઇ જાય તો તે નાટ્યધર્મ અને અનુકરણ કર્મ ભુલી જાય છે. આથીજ ભરતમુનિએ નટો માટે ઉપરોકત અવતરણમાં બે અત્યંત મહત્વના તથ્યો તરફ ધ્યાન દોર્યું છે. (૧) નાટ્યમાં જે 'સત્વ' છે તે 'લોકસ્વભાવઅનુકરણાત્મક' હોય છે અને (૨) જે અભિનેય ભાવ છે તે તો 'નાટ્યધર્મી' પ્રવૃત્તિ સુખદુ:ખકૃત' હોય છે. આ પ્રમાણે રંગમંચ ઉપર નાટ્યપ્રયોગ સમયે સ્વેદ, રોમાંચ, અશ્રુ વિગેરે સાત્વિક ભાવોનું સ્વરુપ, અભિનયમાં 'મૂર્તિત સ્થૂળ દેહાત્મક' જ હોય છે, 'અમૂર્ત ચિત્તરુપ કે મનોભાવરુપ' નહીં. સાત્વિક ભાવ એ માનસિક ભાવનાઓ નથી પણ મૂર્ત શારીરિક નાટ્યભાવ છે. આ વિધાનને વધારે સ્પષ્ટ કરી આપવા માટે 'સામાન્ય અભિનય'

ના સંદર્ભમાં ભરતમુનિએ અત્યંત સ્પષ્ટપણે જણાવ્યું છે કે 'દેહાત્મકમ્ ભવેત્સત્વમ્'. મન:પ્રભવમ્ કહેવાથી સાત્વિક ભાવનું નાટ્યગત સ્વરુપ માનસિક સિધ્ધ થતું નથી. 'સત્વ' નો શાબ્દિક અર્થ 'દેહ' અથવા શરીર છે અને તેનાથી સંબધ્ધ નાટ્યના ભાવ 'સાત્વિક ભાવ' કહેવાય છે. સ્તમ્ભ, સ્વેદ, રોમાંચ વિગેરે આઠ સાત્વિક ભાવોનો પ્રત્યક્ષ સંબંધ માનવ દેહ સાથે છે એટલે આ આઠેય ભાવો એક પ્રકારની દૈહિક અવસ્થાઓજ છે. ભરતમુનિએ તેમની વ્યાખ્યા 'નાટ્ય'ની દૃષ્ટિએ આપી છે એટલે તેની અભિનય પધ્ધતિને ધ્યાનમાં રાખવી તેમના માટે અત્યંત અનિવાર્ય હોવાથી તેમણે 'સત્વ'નો અર્થ અભિનયની દૃષ્ટિએ 'મન:પ્રભવમ્' કર્યો અને એ સ્પષ્ટ કરી આપ્યું કે મનની એકાગ્રતા વડે અભિનય કરવાથી 'સત્વની નિષ્પત્તિ' થાય છે. કારણ કે અન્યમનસ્ક રહેવાથી આ દેહાત્મક સાત્વિક ભાવોને રંગમંચ ઉપર લોકસ્વભાવાનુરુપ રજુ કરવા નટ માટે સંભવિત બનતા નથી.

અભિનવગુપ્તે 'સત્વ'ને ચિત્તવૃત્તિનો, અમૂર્ત મનોભાવનો પર્યાય માન્યો છે એજ સમગ્ર વિસંગતિનો પાયો છે. નાટ્યભાવોને નાટ્ય-સંદર્ભથી અલગ કરી વિવેચિત કરવાથી જ સાત્વિક ભાવોને અમૂર્ત મનોભાવ સાથે સરખાવવાની પ્રવૃત્તિ શરુ થઇ. સ્તંભ, સ્વેદ, અશ્રુ વિગેરે શારીરિક ભાવોને પણ ચિત્તવૃત્તિરુપ, અમૂર્ત મનોભાવરુપ જ માનવામાં આવે તો સમગ્ર અભિનય પણ ચિત્તવૃત્તિ'નો પર્યાય બની જાય. જો એમ માનવામાં આવે કે અભિનયમાત્રમાં 'ચિત્તવૃત્તિ'નો આધાર અનિવાર્ય છે તો એ પ્રશ્ન ઉભો થાય છે કે આઠ સાત્વિક ભાવોના સંદર્ભમાં જ શા માટે ભરતમુનિએ ચિત્તવૃત્તિની ચર્ચા કરી ? શાટમાટે એવો ખાસ આગ્રહ રાખ્યો કે સુખદુ:ખની ભાવનાનો અનુકરણાત્મક અનુભવ કર્યા વિના નટો ધ્વારા સાત્વિક ભાવોની નિર્મિતિ અશકય છે ? આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ભરતમુનિ સાત્વિક ભાવોના વિશિષ્ટ દેહાત્મક સ્વરુપને તથા તેની મંચનપ્રક્રિયા વડે નટોને માહિતગાર કરવા ચાહે છે અને એટલે જ આ આઠ સાત્વિક ભાવોને રંગમંચ ઉપર પ્રદર્શિત કરવામાં અપેક્ષિત 'પ્રયત્નવિશેષો' ની આંતરિક સૂક્ષ્મ મીમાંસા તેમણે કરી છે. શ્રી શંકુક પણ સ્પષ્ટપણે જણાવે છે કે '(સત્વમાં)'' નટ માટે ''પ્રયત્નાતિશય' ની અપેક્ષા રહે છે માટેજ અહીં સત્વની ચર્ચા કરવામાં આવી છે.'' શ્રી શંકુક વિગેરે નાટ્યના આચાર્યોએ સાત્વિક ભાવોની દેહાત્મકતા જ વિશેષ પ્રતિપાદિત

કરી છે. તેમણે બે સ્થિતિઓની સ્પષ્ટ કલ્પના કરી છે - એક અનાટ્યાચિત સાત્વિક ભાવોની અને બીજો નાટ્યના સાત્વિક ભાવોની. પ્રથમ સ્થિતિમાં તેઓ અનુકાર્ય અર્થાત મુળ ઐતિહાસિક પાત્રો અથવા વાસ્તવિક વ્યક્તિઓના આધારે સાત્વિકોની સ્થિતિ ચકાસે છે. આવો વાસ્તવિક વ્યક્તિઓમાં જ્યારે ભાવનાઓનો પ્રકર્ષ થાય છે ત્યારે તેમના શરીર ઉપર વાસ્તવિક રોમાંચ વિગેરે સાત્વિક ભાવ સંપન્ન થાય છે. પરંતુ નાટ્યમાં આવી વાસ્તવિક સ્થિતિ લાવી શકાતી નથી કારણ કે 'અનુકાર્યગત' આ ભાવનાત્મક અવસ્થા 'અસ્ફુટ' અને 'અવ્યક્ત' હોય છે. તે તો રોમાંચ વિગેરે માધ્યમ વડે જ જ્ઞાન થાય છે એટલે અનાટ્યાચિત મૂળભૂત ભાવનાશ્રિત સાત્વિકોના સ્વરુપને આ સંદર્ભમાં ગૌણ સમજવા જોઇએ. અન્યથા ભરતમુનિ દ્વારા નટોને આપવામાં આવેલી સલાહ કે સુખદુ:ખના આધારે સાત્વિક ભાવોનું નિર્માણ કરવું જોઇએ, નિરર્થક સિધ્ધિ થઇ જાય છે'. આમ શ્રી શંકુક વિગેરે નાટ્યાચાર્યોએ વિશુધ્ધ નાટ્ય દૃષ્ટિથી જ સાત્વિક ભાવોની દેહાત્મકતાનું વિવેચન કર્યુ છે. તેઓ આ ભાવોના મૂળમાં નિહિત માનવીય અમૂર્ત મનોભાવનાઓની આંતરિક સ્થિતિનું પ્રત્યાખ્યાન નથી કરતાં, પરંતું નાટ્યકાળની તાલીમના સંદર્ભમાં આ પ્રકારના ચિત્તવૃત્યાત્મક અથવા અસ્ફુટ, અવ્યક્ત, મનોભાવના મૂલક સાત્વિક ભાવોની ચર્ચાને ગૌણ ઠેરવે છે. એટલે નાટ્યકાળની દૃષ્ટિએ 'સત્વ'નું નિરુપણ નટો માટે 'પ્રયત્નાતિશય' ની સાપેક્ષતામાં થયું છે.

ઉપરોક્ત વિશ્લેષણના આધારે કહી શકાય કે ભરતમુનિએ સાત્વિક ભાવોનું સ્વરુપ 'નાટ્યપ્રયોગ'ના સંદર્ભમાં નિરુપ્યું છે. સાત્વિક ભાવોનું વિવેચન અમૂર્ત માનવીય ચિત્તવૃત્તિ'ને કેન્દ્રમાં રાખી કરવામાં આવ્યું નથી. નાટ્યની દૃષ્ટિએ સાત્વિક ભાવોને ચિત્તવૃત્તિ અથવા મનોભાવ માનવા સંગત નથી કારણ કે 'નાટ્યમાં લોકસ્વભાવ તથા લોકગત અમૂર્ત ભાવઓને યથાવત્ રંગમંચ ઉપર લાવવામાં આવતા નથી પણ તેના અનુકરણાત્મક રુપને રજુ કરવામાં આવે છે. જ્યારે નટ 'નાટ્યધર્મ'માં પ્રવૃત્ત થાય છે ત્યારે તે પોતાના મનને સુખદુ:ખમાં સમાહિત કરીનેજ જે ભાવોનું રંગમંચ પર નિર્માણ કરી શકે તે ભાવ સાત્વિક કહેવાય છે. એટલે સાત્વિક ભાવોના નિર્માણમાં જે કસોટી અપનાવવામાં આવી છે તે છે - મનને તલ્લીન કરવામાં થતો પ્રયત્નવિશેષ'. નાટ્યની દૃષ્ટિએ આઠ સાત્વિક ભાવોનું બીજો સ્વરુપ 'ચિત્તવૃત્તિ'

રુપ નથી પણ સ્થૂળ દેહાત્મક અથવા શારીરિક અભિનયાત્મક છે. પણ આ દેહાત્મક નાટ્યભાવોના નિર્માણમાં મનની સમાહિતિ - એકાગ્રતા સમાધિ- અત્યંત આવશ્યક છે.

અનુભાવ અને સાત્વિકભાવ

'અનુભાવ' તથા 'સાત્વિક ભાવ' માં નાટ્યદૃષ્ટિએ અત્યંતિક તફાવત નથી કારણ કે અનુભાવમાં એક અત્યન્ત વ્યાપક અભિનય પ્રક્રિયાનો સમાવેશ થાય છે. તેમાં વાચિક, આંગિક તથા સાત્વિક - આ ત્રણે પ્રકારના અભિનય ભેદોનો સમાવેશ થઇ જાય છે તે ભરતમુનિએ આપેલી અનુભાવની પરિભાષા ઉપરથી સ્પષ્ટ થાય છે.' -'અનુભાવ્યતેઅનેન વાગંગસત્વાભિનય ઇતિ અનુભાવ:' અર્થાત્ 'તેનાથી વાક્ અંગ તથા સત્વકૃત અભિનય અનુભાવિત થાય છે તેથી તે અનુભાવ કહેવાય છે. આમ અભિનયત્વ પર અધિષ્ઠિત 'અનુભાવ'ની સીમા અતિ વ્યાપક છે તેમાં સાત્વિક ભાવોનો પણ સમાવેશ થઇ જાય છે પરંતુ તે પોતાના વિશિષ્ટ દેહાત્મક સ્વરુપનો તિરોભાવ કરી શકતા નથી કારણ કે તેની નિષ્પત્તિ માટે નટના મનની 'સમાધિ' એક અત્યંત અનિવાર્ય પ્રક્રિયા બની રહે છે. અનુભાવગત અન્ય અભિનયભેદ ! - વાચિક તથા આંગિક -ના પ્રદર્શનમાં નટના મનની પૂર્ણ સમાહિતીનું અપેક્ષાકૃત એકાન્તિક અને અનિવાર્ય મહત્વ રહેતું નથી કારણ કે મોટે ભાગે, વાચિક અને આંગિક અભિનયમાં, અભ્યાસ અને તાલીમ પર્યાપ્ત બની રહે છે. શ્રી જયોતિન્દ્ર દવે જણાવે છે તેમ '' બીજા બધા અનુભાવો તે તે ભાવનો અનુભવ કર્યા વગર પણ નટ દાખવી શકે પરંતુ આ સાત્વિક ભાવ માટે તો એને પાત્રગત ભાવ સાથે તલ્લિન થવુંજ પડે. દા.ત. નટના મનમાં શોકનો ભાવ જાગ્રત ન થાય તો તેને આંસુ આવી ન શકે. શોકના ઇતર ચિહ્નો એ મનથી ખરેખર દુ:ખી થયા વિના દર્શાવી શકે. ભરતે જે કહયું છે કે સત્વ એ મનોવિકાર છે અને તે મનની સમાહિત સ્થિતિમાંથી, અર્થાત્, નટના મનની પાત્રગત ભાવની સાથે તદાકાર સ્થિતિ થાય ત્યારે, ઉત્પન્ન થાય છે, તે એટલા માટેજ. બધા અનુભાવ નટ ધારે ત્યારે દર્શાવી શકે છે. એ એને અધીન છે. પણ સાત્વિક ભાવ પાત્રગત ભાવ સાથે તન્મયતા સધાતાં આપોઆપ પ્રગટ થાય છે. અર્થાત બીજા

અનુભાવ Voluntary reactions છે, નટને અધીન છે; ત્યારે સાત્વિક ભાવ unvoluntary reactions છે. નટને અધીન રહીને નહીં પણ સ્વયમેવ ઉત્પન્ન થનારા છે. (જો કે પ્રલય સ્વરભંગ, વેપથુ અને અશ્રુ પણ કુશળ નટ-નટી પૂર્ણ રીતે પાત્રગત ભાવ સાથે તન્મય થયા વિના દર્શાવી શકે છે. વૈવર્ણ્ય તેમાં અપવાદ છે કારણ કે મુખનો વાન બદલો પ્રયત્નસિદ્ધ છે એવું ખુદ ભરતમુનિએ વિધાન કર્યું છે) ભાવને 'ચિત્તવૃત્તિરુપ' માનનાર શ્રી રામપ્રસાદ બક્ષી સાત્વિક ભાવ તથા અનુભાવ વચ્ચેનો તફાવત આ પ્રમાણે નિરુપે છે. 'ચિત્તમાં વિકાર (વૃત્તિ) ઉત્પન્ન થાય ત્યારે તેને પરિણામે શરીરની અને અવયવોની જે વિક્રિયા થાય તે તે બે પ્રકારની હોય છે સ્વેચ્છાજન્ય અથવા અનિચ્છાજન્ય( voluntary and involuntary ) અનિચ્છાજન્ય વિક્રિયા એટલે ઇચ્છાજન્ય નહિ એવી, ઇચ્છો પ્રમાણે અથવા ઇચ્છા હોય તોજ થાય તેવી નહિ, સ્વયંભૂ વિક્રિયા. સ્વચ્છાજન્ય વિક્રિયાને 'અનુભાવ' નામ રસશાસ્ત્રમાં આપવામાં આવ્યું છે. જે ઇચ્છા વિના સ્વયમેવ ઉત્પન્ન થાય એવી વિક્રિયા તે સાત્વિક ભાવ. અનુભાવ નામક અંગવિક્રિયા માણસ ધારે તો ભાવશોષ ન હોય તો પણ કરી શકે. પણ સાત્વિક ધાર્યા થઇ શકતા નથી તેથી અન્તર્ગત ભાવ સાચોસાચ છે કે નહિ તેની ખરી સાબિતી સાત્વિક ભાવજ આપે છે. સાત્વિક ભાવો પણ અનુભાવો જ છે. પણ એ સ્વયંભૂ, ઇચ્છાવલંબી નહીં તેવા અનુભાવો છે અને અન્તર્ગત ભાવના ખરા સૂચક છે. તેથી એની જુદા વર્ગમાં ગણના કરવામાં આવી છે. એ માનવ આન્તર સત્વમાંથી, સ્વયંભૂ રીતે ઉપજે છે. એથી સાત્વિક કહેવાય છે.'' (મનીષા નાટ્યરસ અંક) સત્વનો સંબંધ અનુભાવ તત્વ સાથે સતત સંકળાયેલો હોવાથીજ કદાચ ભરતમુનિએ રસસુત્રમાં સાત્વિક ભાવોનો અલગ ઉલ્લેખ કર્યો નથી.

માનવ-સ્વભાવ તેમજ તદ્દગત્ સર્વ પ્રકારની મૂર્ત-અમૂર્ત અવસ્થાઓ સામાન્યપણે ત્રણ અભિનય પ્રકારો - વાડ્, અંગ, તથા સત્વમાં નાટ્યાચિત થાય છે. આ ત્રણે તત્વ મળી નાટ્યના ૪૯ ભાવોનું નિર્માણ કરે છે. તેમાં જે આઠ સાત્વિક ભાવ છે તેનું નાટ્યસાપેક્ષ એક વિશિષ્ટ સ્વરુપ છે. તેના નિર્માણમાં 'સત્વ' નિતાંત અનિવાર્ય બની રહે છે. પણ તેનો અર્થ એ નથી કે 'સાત્વિક ભાવોથી ભિન્ન અન્ય નાટ્યભાવો માટે 'સત્વ'ની આવશ્યકતા જ નથી.

ભરતમુનિની દૃષ્ટિએ નાટ્ય માત્રની કસોટી 'સત્વ' છે, માનવીય અમૂર્ત મનોભાવો કે ચિત્તવૃત્તિ નહીં.' નાટ્યની કસોટી શોધતી વેળા, સર્વસામાન્ય માનવીય ચિરંતન મનોભાવોની જગ્યાએ, આ કળાના નિર્માણની મહત્વની આંતરિક પ્રક્રિયા - નટ દ્વારા મનની સમાહિતી તથા સત્વ-ને સૌથી વધારે મહત્વ આપવામાં આવ્યું છે. 'સત્વ-નિષ્પત્તિ' સર્વથા નટસાપેક્ષ હોય છે કારણ કે તેનો મૂળ આધાર નટનું મનજ હોય છે. મનને 'સમાહિતિ'ની સ્થિતિમાં લાવવાનું સામર્થ્ય બધા નટોમાં એક સરખું હોતું નથી. એટલે આ સામર્થ્ય જે નટમાં જેટલું વધારે તેટલો નાટ્યપ્રયોગ વધારે સફળ અને અભિનય વધારે સારો અને શ્રેષ્ઠ. એટલેજ ઉત્તમ નાટ્યપ્રયોગ એજ જે સર્વથા 'સત્વાશ્રિત' હોય. ભરતમુનિ તેથીજ તો કહયું છે કે '' સત્વે નાટ્યં પ્રતિષ્ઠિતમ્ । ''